ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૧ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં અનેક વિસ્તારોમાં માર્ગો બિસ્માર : પસંદગીના વિસ્તારોમાં થાગડ-થીગડ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં ચોમાસું આ વખતે રોડ-રસ્તા માટે ખૂબ જ આકરું રહેવા પામ્યું છે. છેલ્લા સપ્તાહથી વરસાદે તો વિરામ લઈ લીધો છે પરંતુ આ વખતની સીઝનના વરસાદે શહેરભરમાં બિસ્માર કરી મૂકેલા રોડ રસ્તા હજુ પણ જેમના તેમ છે. જો કે કેટલાંક નિશ્ચિત વિસ્તારોમાં તુટી ગયેલા રોડને થાગડ થીગડ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં સેકટર-૧૧નો કોમર્શિયલ વિસ્તારનો સમાવેશ થાય છે. બીજી તરફ કુડાસણ વિસ્તારમાં પણ મોટા ભાગના રોડ રસ્તાની સ્થિતિ બદતર જોવા મળી રહી છે જેના કારણે વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

શહેરમાં મોટાભાગના સેકટરમાં આંતરિક માર્ગો પર ખાડા પડી ગયા હોવાની ફરિયાદો ઉઠી રહી છે અને કેટલેક સ્થળે તો એટલા મોટા ગાબડા પડેલા છે કે તેમાં ભરાયેલું વરસાદી પાણી પણ હજુ સુકાયું નથી અને આ દૂષિત પાણીના કારણે કાદવ કિચડ સહિત રોજગન્ય જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. શહેરના સેકટરોમાં આ સ્થિતિ છે ત્યારે તાજેતરમાં મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરવામાં આવેલા વિસ્તારોમાં તેનાથી પણ બદતર હાલત થવા પામી છે. કુડાસણ વાવોલ, પેથાપુર, રાંધેજા, કોલવડા સહિત લગભગ તમામ ગ્રામ્ય વિસ્તારમાં બિસ્માર માર્ગો અને ખાડા ખાબોચિયાંથી વસાહતીઓ ત્રસ્ત જોવા મળી રહ્યા છે. શહેરમાં માર્ગોનું રીપેરીંગ કાર્ય જે શરૂ થવા પામ્યું છે તેમાં પણ રોડ પર એવી થીગડ થાગડ કરવામાં આવી રહી છે જે ફરીવાર જો એકાદ ભારે વરસાદનું ઝાપટું પડે તો ધોવાઈ જાય. વળી, આ થાગડ-થીગડ પણ નિશ્ચિત વિસ્તારોમાં જ હાથ ધરાતા જે સેકટરો કે વિસ્તારોમાં અત્યંત બિસ્માર માર્ગો છે જયાં વધુ પ્રાથમિકતા આપવાની જરૂર હતી તે હજુ જેમના તેમ હોવાની વાતો ચર્ચાવા સાથે નાગરિકોમાં અસંતોષ ફેલાઈ રહ્યો છે.

પેથાપુરમાં લાઈટ ડુલ થતા રહીશો હેરાન પરેશાન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી લાઈટ ડુલ થવાના કિસ્સા સામે આવ્યા છે. વિજપુરવઠો વાંરવાર ખોરવાઈ જતા નાગરીકોના મોંઘાદાટ વિજ ઉપકરણો પર અસર થવા પામી છે.વિજ ધાંધીયાને લઈ નાના બાળકો અને વડીલોને ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. ત્યારે વિજ સમસ્યાનો ઝડપી ઉકેલ આવે તેવી પેથાપુરવાસીઓની લાગણી અને માંગણી છે.

પેથાપુર ગામ એ જુનુ અને હજજારો વસાહતીઓ ધરાવતુ ગામ છે. પેથાપુર ગામને ઉત્તર ગુજરાત વિજ પુરવઠો પુરો પાડે છે. પરંતુ પેથાપુર ગામનો પણ રોકેટ ગતિએ વિકાસ થયો છે. પેથાપુરમાં ફલેટ, સોસાયટીઓ, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, સહિતની ઈમારતો ઉભી થઈ છે. જેથી પેથાપુરના નવિન વિસ્તારમાં વધતી જતી વિજ માંગના પુરવઠાને અનુરૂપ પુરતો લોડ મળી રહેતો નથી. જેને પગલે વારંવાર લાઈટ જવાના કિસ્સા બનતા રહે છે. લાઈટના જવાથી નાના બાળખો તેમજ શ્વાસની બિમારીથી પિડાતા વડીલોની હાલત કફોડી બની જવા પામે છે. લાઈટ ડુલ થવાના પગલે નાગરીકોએ ઉતર ગુજરાત વિજ કંપનીના અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. છતા આજદિન સુધી કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. જેથી પેથાપુરવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ત્યારે આ અંગે ઉતર ગુજરાત વિજ કંપનીના એક અધિકારી સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે તાજેતરમાં બે દિવસ જમ્પર બળી ગયું હોવાથી લાઈટ ગઈ હતી. તંત્રને કયું જમ્પર બળી ગયું છે તે શોધતા વાર લાગી હતી અને જમ્પરના રીપેરીંગમાં બે કલાક જેટલો સમય થયો હોવાથી ત્યાં સુધી પેથાપુરના કેટલાક વિસ્તારમાં લાઈટ બંધ રહેવા પામી હતી. ત્યારબાદ લાઈટ જવાનો કિસ્સો બનવા પામ્યો નથી.

શહેરમાં મચ્છરજન્ય રોગચાળો માથુ ના ઉંચકે તે માટે તંત્ર દ્વારા સેકટરમાં આવેલા તમામ રહેણાંક મકાનમાં દવા છંટકાવની કામગીરી ચાલી રહી છે. કોરોના કહેર વર્તાવી રહ્યો છે. તેવા સંજોગોમાં મેલેરીયા,ચિકનગુનિયા અને ડેન્ગ્યુ જેવા રોગ ન ફેલાય તે માટે તંત્રએ કવાયત હાથ ધરી છે. ત્યારે તંત્ર દ્વારા ઘરે ઘરે દવા છંટકાવની કામગીરીમાં કામ કરતા કર્મચારીઓ માસ્ક કે ગ્લોઝ ના પહેરતા તેઓની બેકાળજીને લઈ સ્થાનિક નાગરીકોમાં ભય ફેલાયો છે.

ઘ-૩ પાસે કારને અડફેટે એકટીવા પર સવાર દંપતિ ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના ઘ-૩ સર્કલ પાસે એસ.ટી.ડેપોના એન્ટ્રી ગેટની સામે કાર-એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા પર સવાર દંપતિ માર્ગ પર નીચે પટકાતા ઈજા પહોંચી હતી. જેથી સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ બોલાવી સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬ બી ખાતે રહેતા મહેશભાઈ જયંતિભાઈ બડમલીયા શનિવારના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે એકટીવા પર નીકળ્યા હતા. તે સમયે ડેપોના એન્ટ્રી ગેટ પાસેથી તેઓ ઘ-૩ તરફ વળાંક લઈ રહ્યા હતા. તે સમયે જી.જે.૩૨.કે.-૦૦૨૭ નંબરની કારના ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. જેમાં મહેશભાઈ અને તેમના પત્ની માર્ગ પર પટકાયા હતા. દંપતિને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયા મહેશભાઈને ડાબા હાથના કાંડા પર ફ્રેકચર તેમજ તેમના પત્ની ને બેઠો માર વાગ્યાનું નિદાન થયું હતું. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કારના નંબરના આધારે ચાલકને શોધવા માટે તપાસ શરુ કરી છે.

જિલ્લામાં આજદિન સુધી ૬૧ હજારથી વધુ કોરોના માટેના ટેસ્ટ કરાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધીમાં ધનવંતરી આરોગ્ય રથમાં આરોગ્ય સેવાનો લાભ લેવા આવેલા અને કેમીસ્ટોની ત્યાંથી દવા લેનાર શંકાસ્પદ વ્યક્તિઓ તથા કન્ટેઈમેન્ટ ઝોન, નોન કન્ટેઈનમેન્ટ ઝોન અને હોટ સ્પોટ વિસ્તારોમાં કુલ-૬૧,૭૫૦ શંકાસ્પદ વ્યક્તિઓના કોરોના માટેના ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.મનુભાઈ સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે, હાલની કોરોનાની મહામારીને ધ્યાને રાખી લોકોને આરોગ્ય સેવા તેઓના નજીકના વિસ્તારમાં મળી રહે તેવા ઉમદા આશયથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ધનવંતરી આરોગ્ય રથનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે તા. ૧૧મી જૂન, ૨૦૨૦ થી જિલ્લામાં તમામ તાલુકાઓમાં ૧૫ ધનવંતરી આરોગ્ય રથ દ્વારા આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવી રહી છે. તા. ૧૧મી જૂનથી તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમ્યાન ધનવંતરી આરોગ્ય રથ દ્વારા કુલ-૨,૫૯,૬૪૯ વ્યક્તીઓને આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવી છે. જેમાં તાવના ૧૫૪૭ દર્દીઓ, ૪૭૫૫ શરદીઓના દર્દીઓને, ૩૫૬૪ ઉધરસના દર્દીઓને, શ્વાસ લેવામાં તકલીફ હોય તેવા ૧૦૭ દર્દીઓને, ૯,૩૮૫ ડાયાબિટસના દર્દીઓને, ૧૨,૫૪૬ બી.પી.ના દર્દીઓને તથા ૧૦૫ ટી.બી અને કેન્સરના દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી છે. જયારે ૭૪૧ દર્દીઓને વધુ સારવાર માટે રીફર કરવામાં આવ્યા છે.

આત્મન ફાઉન્ડેશનની જનહિતાય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે 'રેવા ગ્રામ'

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સાહિત્ય જગતમાં રાજય સ્તરે જાણીતા અને સરકારી સેવામાં માહિતી ખાતામાંથી નિવૃત્ત થયેલા અધિકારી પ્રજ્ઞાબેન પટેલના આત્મન ફાઉન્ડેશન દ્વારા વિવિધ જનહિતાય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં 'પુસ્તક પરબ' અને 'આત્મન બાલ શિબિર' ઉપરાંત જરૂરિયાતમંદોને કપડાં-પગરખાં વિતરણ સહિતની સમાજસેવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. ગત તા. ૨૬મી સપ્ટેમ્બર શનિવારે માણસા તાલુકાના મકાખડ (માણેકપુર) ગામની સીમમાં આત્મન ફાઉન્ડેશનની શિક્ષણ, સેવા, કલા-સાહિત્ય અને પરમ પ્રકૃતિની સાધના સહિતની જનહિતાય પ્રવૃત્તિઓનું કેન્દ્ર વિકસાવવા સંકુલના નિર્માણ માટે ભૂમિપૂજન યોજાયું હતું. આ નિર્માણાધિન સંકુલનું નામકરણ પ્રજ્ઞાબેન પટેલ દ્વારા પોતાના માતૃશ્રીના નામ પરથી 'રેવા ગ્રામ' કરવામાં આવ્યું છે.

પ્રજ્ઞાબેન પટેલ દ્વારા સરકારી નોકરીની સાથોસાથ શિક્ષણ, સેવા, કલા-સાહિત્ય અને પરમ પ્રકૃતિની સાધના સહિતની વિવિધ પ્રવૃત્તિઓ આત્મન ફાઉન્ડેશનના નેજા હેઠળ ચલાવવામાં આવી રહી હતી જેને માટે હવે નિવૃત્તિ બાદ એક સેવા પરિસર તૈયાર કરવાનું તેમનું સ્વપ્ન હતું. આ અંતર્ગત તેમણે મકાખડ (માણેકપુર)ની સીમમાં જમીન રાખીને 'રેવા ગ્રામ'નું ભૂમિપજન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રજ્ઞાબેન દ્વારા તેમની સંસ્થા આત્મન ફાઉન્ડેશનનું નામ પોતાના પિતા આત્મારામભાઈના નામ પરથી જ રાખ્યું છે. ભૂમિપૂજન પ્રસંગે યોજાયેલ યજ્ઞમાં ગાંધીનગરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ હાજરી આપી હતી.

ઓનલાઈન ભરતીમેળા થકી રોજગાર

ગાંધીનગર, તા.૨૮

રોજગારવાંછુ યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચુઅલ એટલે કે ઓનલાઈન "રાજયવ્યાપી" રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

જેમાં ગાંધીનગર જીલ્લાના ઔદ્યોગિક ઉત્પાદનલક્ષી એકમો, સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા એકમો,લેબર તથા મેનપાવર કોન્ટ્રાક્ટર,ખાનગી પ્લેસમેન્ટ/રીક્રુટમેન્ટ એજન્સીઓએ પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ સી.એન.વી ફોર્મ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરને ઈ-મેઈલના માધ્યમથી આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે, ઔદ્યોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર લિંક - **https://forms.gle/s7X3TvbrjfLkcLEb8** ઉપર રજીસ્ટ્રેશન કરવું અથવા **dee-gnr@gujarat.gov.in** ઉપર CNV ફોર્મ મેઈલ મોકલી આપવાના રહેશે. તેમજ આવનાર સમયમાં ઉમેદવારોના રજીસ્ટ્રેશન માટે લિંક **https://forms.gle/MAzdqzENZhnPmtgz8** બનાવવામાં આવી છે, જેમાં રોજગારવાછું યુવાઓને મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરી.તા.૧૬/૧૦/૨૦ ના રોજ ઓનલાઈન રોજગાર ભરતીમેળાનો લાભ લેવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત યોજાનાર ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ નોકરીદાતાઓ અને રોજગારવાંછુ ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે, અત્રે નોંધ લેશો કે ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈપણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ, તેવું જિલ્લા રોજગાર અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

કવિતા સામયિક 'પદ્ય' દ્વારા કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

'પદ્ય' કવિતા સામયિક દ્વારા સોનેટ અને દીર્ઘકાવ્ય એમ બે વિભાગમાં કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. કોઈ પણ સર્જક આ કાવ્યલેખન સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. જેમાં દીર્ઘકાવ્ય ઓછામાં ઓછું સો પંકિતનું હોવું અનિવાર્ય છે. બંને વિભાગ માટે પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ. ૫૦૦૦, રૂ. ૩૦૦૦ અને રૂ. ૨૦૦૦નો પુરસ્કાર આપવામાં આવશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકે **padya2019@gmail.com** અથવા ધ્વનિલ પારેખ (સી-૨૦૪, વૈદેહી રેસીડેન્સી, વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૧૬)ને કાવ્ય ૧૦ નવેમ્બર-૨૦૨૦ પહેલા મોકલવાનું રહેશે. આ સ્પર્ધાની વધુ વિગતો માટે ૮૨૩૮૩૯૨૮૯૪ (વોટસએપ) પર સંપર્ક કરવા વિનંતી. આ સ્પર્ધા માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે અને તેમાં કોઈ વિવાદને સ્થાન રહેશે નહીં.

થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે જીવન ચેરીટેબલ ટ્રસ્ટ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત રીતે રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

થેલેસેમીયા ગ્રસ્ત બાળકોના જીવન રક્ષણ માટે 'જીવન' ચેરીટેબલ ટ્રસ્ટ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સંયુક્ત રીતે રક્તદાન શિબિરનું આયોજન ટ્રસ્ટના દુધેશ્વર રોડ પરના કાર્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જ્યાં આશરે ૧૫૦થી વધુ રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. આ બાબતે જીવન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી નિલેશ જાની જણાવે છે કે, 'કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે અને સમગ્ર જન-જીવન ઠપ્પ થઈ ગયું છે. પરંતુ, આ સંજોગોમાં થેલેસેમિયાથી પીડાતા બાળકોને કોઈ પણ જાતની તકલીફ ના પડવી જોઈએ એજ અમારો ઉદ્દેશ છે'. જયેશ પુરોહિત દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની સમગ્ર ટીમનો આભાર માનવામાં આવ્યો હતો અને સાથે સાથે ટ્રસ્ટના કાર્યકરોની કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી.

રોજગાર કચેરી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી વેબીનાર સપ્તાહ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

રાજયના શ્રમ અને રોજગાર વિભાગના નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જીલ્લા રોજગાર કચેરી-ગાંધીનગર દ્વારા રાજય સરકારના ભરતીબોર્ડ જેવા કે ગૌણ સેવા પસંદગી બોર્ડ, જી.પે.એસ.સી, યુ.પી.એસ.સી તેમજ પંચાયત સેવા પસંદગી બોર્ડ વગેરે દ્વારા આગામી સમયમાં યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે ખાસ કારકિર્દી ઘડતરરૂપ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન વેબીનાર સપ્તાહ તા.૨૨, ૨૩ અને ૨૪/૯/૨૦ દરમ્યાન સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઓનલાઈન પ્લેટફોર્મ પર યોજવામાં આવ્યા હતા.

જેમાં કચેરીના કેરિયર કાઉન્સેલર તેમજ વિષય નિષ્ણાંત તજજ્ઞો જેવા કે સ્પીપાના મૌલિકભાઈ પટેલ, નીખીલ બાલા તથા કેયુર પટેલ દ્વારા રોજગાર કચેરીના ફેસબુક પેઈજ અને યુટ્યુબ ચેનલ પર લાઈવ સેશન દ્વારા વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતું. જેમાં ગાંધીનગર જીલ્લાના તથા અન્ય જીલ્લાના ઉમેદવારોએ ખુબજ રસ દાખવતા ફેસબુક અને યુટ્યુબના માધ્યમથી એમ કુલ મળીને ૨૬૦૦ થી વધુ ઉમેદવારોએ લાઈવ પ્રોગ્રામમાં માર્ગદર્શન મેળવ્યું હતું.

વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે 'ઈનવીનસિબલ' એનજીઓના યુવાનોનું ફ્રેંડશીપ શિખર તરફ પ્રયાણ

ગાંધીનગર, તા. ૨૮

કોરોના મહામારીના સમયમાં અટવાયેલુ પર્યટન ફરીથી સરકારની માર્ગદર્શિકા પ્રમાણે શરુ થઈ રહ્યું છે. વિશ્વ પ્રવાસન દિવસના અવસરે 'ઈનવીનસિબલ' એનજીઓની યુવા ટીમે હિમાચલ પ્રદેશ સ્થિત ફ્રેંડશીપ શિખર સર કરવા પ્રસ્થાન કર્યુ છે. જેમાં ગાંધીનગર અને અમદાવાદ સહિત રાજયનાં વિવિધ વિસ્તારના યુવાનોનો સમાવેશ થાય છે.

ઈનવીનસિબલ એનજીઓની સ્પોન્સોર્શિપ થકી ૩૭ યુવાનો ફ્રેંડશીપ શિખર સર કરવા જઈ રહ્યા છે. જેની ઊંચાઈ ૧૭,૩૪૮ ફીટ છે અને જેનો સમય મનાલીથી ૮ દિવસનો લાગશે.

ઓક્ટોબરે ૮ યુવાનો, ઈન્ડિયન માઉન્ટેઈનેરીંગ ફાઉન્ડેશનની મંજુરી સાથે માઉન્ટ દેવ ટિબ્બા શિખર સર કરવા મનાલીથી પ્રયાણ કરશે જેની ઊંચાઈ ૧૯,૭૦૦ ફીટ છે. આ માટે સમય મનાલીથી ૧૫ દિવસનો લાગશે.

અત્રે ઉલ્લેખનીય છે કે હિમાલયના ગ્લેસિયર ત્રીજા ધ્રુવ જેવા છે અને તે ગ્લોબલ વોર્મિંગ તેમજ પ્રદુષણના લીધે પીગળી રહ્યા છે, જેનું જતન કરવું ખુબ જરૂરી બની ગયું છે. આ ઉદ્દેશયથી એક્સપેડિશનની થીમ 'લેટ ધી થર્ડ પોલ બ્રેઅથ' રાખવામાં આવી છે.

ઈનવીનસિબલ એનજીઓ દર વર્ષે વિવિધ ટ્રેકીંગ કેમ્પનું પ્રયોજન કરતી હોય છે. ઈનવીનસિબલ એનજીઓ ભારતની અગ્રણી ટ્રેકીંગ કેમ્પ આયોજન કરતી સંસ્થા છે, જે વિદ્યાર્થીઓ દ્વારા નોન-પ્રોફિટ બેઝ પર ચલાવવામાં આવે છે. ૨૦૧૩ થી લઈને અત્યાર સુધીમાં ૮૩ હજારથી પણ વધુ યુવાનોએ વિવિધ ટ્રેકીંગ કેમ્પમાં ભાગ લીધેલો છે. પ્રવાસનને ફરીથી એક નવી દિશા અને નવો વેગ મળે એ પ્રયોજનથી કોરોનાની મહામારીના સમયમાં તમામ સલામતી સાથે આ યુવાનો એ તેમની યાત્રા પ્રારંભ કરી છે.

દૃષ્ટિબાધિત દિવ્યાંગોના દૃષ્ટિ ઉજાસ રેલાવવા 'સક્ષમ'ની નેત્રદાન સંકલ્પ ઝુંબેશ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં દિવ્યાંગોના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'સક્ષમ' દ્વારા તા. ૨૧મી સપ્ટેમ્બરથી તા. ૪થી ઓકટોબર સુધી નેત્રદાન સંકલ્પ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. દૃષ્ટિબાધિત દિવ્યાંગોના જીવનમાં દૃષ્ટિરૂપે ઉજાસને પ્રસરાવવા આ શુભ સેવા કાર્યમાં સંકલ્પ લેવા માંગતા નેત્રદાતાઓએ ઓનલાઈન ફોર્મ ભરીને પ્રમાણપત્ર મેળવવાનું છે.

રાષ્ટ્રીય કક્ષાએ સમદૃષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ-સક્ષમ વર્ષ ૨૦૦૯થી કાર્યરત છે અને ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગોના સર્વાંગી વિકાસ હેતુસર વર્ષ ૨૦૧૮થી જિલ્લા શાખા કાર્યરત છે. સક્ષમ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ કોર્નીયા મુકત ભારત અભિયાન છેડવામાં આવ્યું છે. જે અંતર્ગત ચક્ષુદાન સંકલ્પપત્ર ભરાવવાનું શરુ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશમાં યુવાનો સહિત નાગરિકોમાં ચક્ષુદાન અંગે જાગૃતિ વધે તે હેતુથી સહભાગી બનવા સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં નાગરિકોને પોતાને, પરિવારજનોને, મિત્રો, અડોશી-પડોશીઓ વગેરેને જોડાવવા અને નેત્રદાનનો સંકલ્પ કરવા પ્રોત્સાહિત કરી તે માટે ઓનલાઈન ફોર્મ ભરી તે અંગેનું પ્રમાણપત્ર તરત મેળવી લેવા હાકલ કરી છે. નેત્રદાન સંકલ્પ કરવા માટે નેત્રદાતાએ **http://caarya-saksham.web.app/eye-donation-campaign** લિંક પર લોગીન કરવાનું છે.

ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર મનુભાઈ પટેલ, ઉ.વ. ૭૧, કારોલીબાગ, જી. વડોદરા
- સ્વ. ચાવડા ટીકાબા વનરાજસિંહ, ઉ.વ. ૫૨, લાકરોડા, તા.માણસા
- સ્વ. રમેશલાલ સાધુરામ રગવાણી, ઉ.વ. ૬૫, સરદારનગર, અમદાવાદ
- સ્વ. દીપકકુમાર વલ્લભદાસ શાહ, ઉ.વ. ૫૯, ગોતા, અમદાવાદ